ૐ

નાટ

શ્રી

'એમાં શું?'

નાં ગાયનો અને ટુંક સાર.

કરનાર.

ઠ ર ... ગીરીશંકર

-રૉયલ ના... મુંબઇ.

જામન.

...હરાબજી મેહરવાનજી કાત્રક

ર જી. સને ૧૯૦૭

કિંમત ચાર આના

૧૯૦૭

ધી "જૈન એડવોકેટ" પ્રિન્ટીંગ પ્રેસમાં ચીમનલાલ ગોકળદાસે
છાપ્યું ઠે. ઘીકાંટા [illegible]

ફોન નં૦ ૩૭૩૮ ટેલીગ્રાફીક એડ્રેસ "TEBLEFAN"



વીજળીના કટગ્લાસના ઝુમરો, અને ફેનસી બ્રેકેટો તથા
જાણીતા મેશલી મેકરના શીલીંગ અને ટેબલના
પંખાનો મોટો સ્ટોક આવી પહોંચ્યો છે.

ઇલેક્ટ્રીકને લગતો દરેક જાતનો સામાન અને

પ્રખ્યાત ફીલીપ્સ લેમ્પ

મોટા જથ્થામાં કીફાયતથી મળશે

આવો અને ખાત્રી કરો.

અકબરઅલી તાજભાઈ.

૧૧૯-૭૧ ખોખા બજાર,

મુંબઈ.

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રી

" એમાં શું ? "

નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

વિમળચંદ્ર .... એક ધનાઢ્ય જાગીરદાર.

સુરેન્દ્ર .. .. સોલીસીટર, વિમળનો નાનો ભાઇ

વિનોદ .. વિમળચંદ્રનો પુત્ર

બળભદ્ર [નાદિર] . પૈસે ટકે ખુવાર થયેલો એક ગૃહસ્થ

માધવ ....એક લેખક ઉર્મિલાનો પ્રિયતમ પાછળથી પતિ

જગતવંદન ... ...સુરેન્દ્રનો સાળો. 'પ્રેમબંધન" પત્રનો માલીક

નંદન . . એક મવાલી પ્રેમબંધન પત્રનો અધિપતિ

જયરામ મજકુર પ્રેસનો પ્રીન્ટર ઉર્મિલા તથા પ્રમિલાનો મામો.

ત્રિકુલજી .. . એક સમાજ સેવક

વનમાલી ... પ્રમિલા તથા ઉર્મિલાનો પિતા.

સ્ત્રી પાત્રો.

સુભદ્રા .. ..સુરેન્દ્રની સુશીલ સ્ત્રી.

પ્રમિલા ... . બળભદ્રની ઉચ્છ્રંખલ વિલાસી પત્ની.

ઉર્મિલા . ...પ્રમિલાની બહેન પાછળથી માધવની પત્ની

જમના ...જગતવંદનની, ભણેલી અપ ટુ-ડેટ સ્ત્રી મ્યુનીસીપલ મેમ્બર

તનમન .. .. જગતવંદનની પુત્રી

ચંદા... .... એક વેશ્યા ગાનારી

તે ઉપરાંત-પોલીસ ઇન્સ્પેક્ટર, સિપાઇઓ, નોકરો, દાસીઓ મ્યુનિસિપાલ વૉટરો વગેરે,

ॐ

શ્રી

“ એમાં શું ? ”

નાટકનો ટુંક સાર.

“ એમાં શું ?” એ ત્રણ અક્ષરો હરકોઈ સમાજમાં દરેક કુટુંબમાં તેમજ દરેક વ્યક્તિને મુખે સ્વભાવિક રીતે બોલતાં આપણે અનુભવીયે છીએ ક્રોધ, તિરસ્કાર વિકાર, દ્વેષ યા લાલચને અંગે ઘૃણિત કાર્ય કરી બેસા, લોકો હરકોઇ પ્રસંગે ભાવિ ઘટનાની મહત્તા યા ભયંકરતાનો ધ્યાન ન કરતાં, શરૂઆતમાં “એમા શું ?” કહેતાં, તે પ્રત્યે દુર્લક્ષ કરી હસે છે પણ જ્યારે એવા સમય સંજોગ કે સાધનો બીજ રૂપે વધી જ્યારે વૃક્ષ બને છે, ત્યારે કેટલો ક્ષય પાત કેટલો અનાચાર, કેટલી છિન્નભિન્નતા પ્રસરતાં, સર્વ નાશ થઇ જાય છે, તે દર્શાવવાનો અલ્પપ્રયાસ આ નાટકમાં કરેલો છે અસ્તુ

મંગળાચરણ

ઇશ્વર સ્તુતિ

દશ્ય પહેલું

સ્થળ—વનમાળીનું મકાન.

ગર્ભશ્રીમંત બળભદ્ર સાથે પ્રમિલાનું વેવિશાળ થયેલું, પણ નાટકની શરૂઆતના સમયે, ગરીબ સ્થિતિમાં આવી પડેલા બળભદ્ર સાથે લગ્ન થઇ ગયા બાદ, પ્રમિલા તથા ઉર્મિલાનો હાસ્ય વિનોદ. પ્રમિલાને સુંદર વર પણ નિર્ધન ધગ મળતાં શોક ઉર્મિલાનું આશ્વાસન. ઉર્મિલાનું જવું બળભદ્રનું આવવું શૃંગાર ચેષ્ટા. એટલામાં અનેક કાળાં ધોળાં કરી શ્રીમંત થયલા વનમાળીનું ગભરાટમાં દોડી આવવું. પોલીસ ઇન્સ્પેક્ટર તથા સિપાઇઓનું પકડવા આવવું. બાપને બચાવવા, ઉર્મિલાએ પોતાના દાગીના ઉતારી આપી, તેમ કરવા પ્રમિલાને કહેવું પ્રમિલાએ તેમ ન કરતાં મૌન ધરી ઉભા રહેવું. સર્વ માલ મીલકત જપ્ત કરી પોલીસ વનમાળીને પકડી લઇ જાય છે.

દશ્ય બીજું

સ્થળ—જગતચંદનનું ઘર.

રસોઇઆ નાસી જવાથી જગતચંદનની વિટંબણા. જમનાને તથા તનમનને રસોઇ કરવા ફરમાવવું બન્નેની નાખુશી નંદનનું આવવું અધિપતિની જગ્યા પર નંદનની નીમણુક નંદન પર જમના તથા તનમનનું મોહિત થવું જગતચંદનનો હાય અફસોસ

દશ્ય ત્રીજું

સ્થળ—વિનોદનો લાયબ્રેરી રૂમ.

સરકારે જપ્ત કરેલી મીલકત પાછી મેળવવા સુરેન્દ્રની સલાહ લેવા પ્રમિલાનું આવવું વાતચિત દરમ્યાન વિનોદનું પ્રમિલા પર મોહિત થવું સંકટમા સપડાયલી પ્રમિલાને સુભદ્રનું આશ્વાસન. "કોરપોરેશન" માં ચુટાવવા જગતચંદને પોતાને માટે 'વૉટ' મેળવવા સુરેન્દ્ર સાથે લડતાં દાખલ થવું વૉટ આપવા સુરેન્દ્રની ચોખ્ખી ના. સુરેન્દ્ર પર દાઝતો જગતચંદન વેર વાળવાની ધમકી આપતો ચાલ્યો જાય છે પોતાની મીલકત સબંધી પ્રમિલા અને સુરેન્દ્ર વચ્ચે વાતચિત, પ્રમિલાની સંપૂર્ણ નિરાશા. ગરીબીના ખ્યાલથી ડરતી, કંપતી, પ્રમિલા બેશુદ્ધ થાય છે

ટેબ્લો.

દશ્ય ચોથું.

સ્થળ—ચંદાનું મકાન.

હોળીના ઉત્સવ નિમિત્તે ચંદાને ગાવાનું આમંત્રણ દેવા નંદન સાથે વિનોદનું આવવું ચંદાનો સ્વીકાર વિઠ્ઠલજીએ છુપી રીતે આવી ચેષ્ટા જોવી ગાનતાન દરમ્યાન વિનોદનું વિકારવશ થવું વિઠ્ઠલજી ચંદાને ફિટકાર દઇ વિનોદને પોતાની સાથે તેડી લઇ જાય છે ગરીબ સ્થિતિમાં આવી પડેલી પ્રમિલા હવે ચંદાના ઘરની સામેની એક ચાલીમાં બળભદ્ર સાથે આવી રહેલી છે તેના પર મોહિત થયેલો નંદન એને પોતાની ગોદમાં લાવી દેવા ચંદાને ઉશ્કેરે છે. ચંદા કબુલ થાય છે.

દશ્ય પાંચમું.

સ્થળ—પ્રમિલાનો ઓરડો.

ઉડાઉ ખરચ રાખવા માટે ઉર્મિલાનો પ્રમિલાને ઠપકો. પ્રમિલા પોતાની ભૂલ ન સમજતાં ઉર્મિલાને સામો ઠપકો દે છે. ઉર્મિલાનું રિસાઇ જયરામ મામાને ત્યાં જવું. બબ્બે દિવસની અપવાસી પ્રમિલાને ચંદા દિલાસો દેવા આવે છે. મીઠા શબ્દોની મોહજાળમાં લઇ મીઠાઇ તથા બે ગિની આપી ચંદાનું જવું. પતિનું અન્ન ન ખાવા પ્રતિ પ્રમિલાનું આત્માભિમાન ભૂખના દુઃખનો વિજય પ્રમિલાનું બુદ્ધિભ્રષ્ટ થવું. બલભદ્રનું આવવું ભુખ્યા બળભદ્રને મીઠાઇ ખાવા આપવી. એકાએકી પ્રમિલા તથા બળભદ્ર વચ્ચે બોલાચાલી, દરમ્યાન, ચંદા એની બેનપણી છે એમ જાહેર થવું પ્રમિલા પોતાના તિરસ્કાર કરે છે. ઉશ્કેરાઇ અર્ધ ગાંડા જેવો થઇ ગયેલો બળભદ્ર ઘર છોડી ચાલ્યો જાય છે સુભદ્રાની સલાહ લેવા જવા પ્રમિલાનો ઠરાવ

દશ્ય છઠ્ઠું

સ્થળ—વિમળચંદ્રનું દિવાનખાનું

જલસા નિમિત્ત પૂર ઠાઠમાઠમાં સજ્જ થયેલા વિનોદને સુભદ્રા તથા સુરેન્દ્રનો ઠપકો સુભદ્રાની સલાહ લેવા પ્રમિલાનું આવવું. વિનોદ ફરી પાછો મોહવશ, પ્રમિલાને પાછી ઘેર જવા ન દેતાં જલસો જોવા રોકી રાખવી બાદ ચંદા નાયકાનું તથા આમંત્રેલા અન્ય ગૃહસ્થોનું આવવું. વિનોદ સર્વેને સત્કારપૂર્વક બેસાડે છે નાચરંગ દરમ્યાન વિઠ્ઠલજી આવી સુરેન્દ્ર પાસથી વનિતા આશ્રમના ફંડમાં પાંચસો રૂપીયા ભરાવે છે. સુરેન્દ્ર અને વિમલચંદ્ર વચ્ચે એ બાબત તકરાર વિઠ્ઠલજીનું જવું ફરી નાચરંગ દરમ્યાન પ્રમિલાને શોધવા બળભદ્રનું ધસી આવવું. રંગમાં ભંગ. બળભદ્ર પ્રમિલાને ઘસડી ઘેર લઇ જાય છે.

ટેબ્લો

અંક ૧લો સમાપ્ત

અંક ૨ જો.

દૃશ્ય પહેલું

સ્થળ—રસ્તો.

એક પાસ ચંદાનું ને બીજી બાજુ પ્રમિલાનું મકાન.

પ્રમિલાને ઓરડીમાં પૂરી રાખી બળભદ્ર ચાલ્યો ગયો હોવાથી પ્રમિલાનું બારી વાટે બહાર આવવું ચંદાના ઘર નીચે નંદન તથા જગતવંદનની ચંદા પ્રતિ મૂર્ખ ચેષ્ટાઓ જોતાં પ્રમિલાનો પુરૂષ જાતિ પ્રતિ તિરસ્કાર પતિના આશ્રય વિના સ્ત્રીઓ શા માટે સ્વતંત્ર રહી ન શકે? એમાં શું? એવા મૂર્ખ ખ્યાલો કરતી પ્રમિલાને વિનોદ આવી ઉત્તેજના કરી ચાલ્યો જાય છે ચંદાને પ્રમિલાની વાતચિત આશ્વાસનના બહાના હેઠળ ચંદા પ્રમિલાને પોતાને ઘેર લઈ જઈ માળ પરની ગેલેરીમાં લાવી બેસાડે છે બળભદ્રનું આવવું પ્રમિલાને વેશ્યાના ઘરમાં બેઠેલી જોઈ ઉશ્કેરાઈ જવું નફ્ફટ પ્રમિલાના નફ્ફટ જવાબ સંસારથી કંટાળેલો બળભદ્ર શાંતિ શોધવા સંન્યાસી થાય છે

ટેબ્લો.

દૃશ્ય બીજું.

સ્થળ—સુરેન્દ્રનું ઘર.

પ્રમિલાની શોધ કરી સૌની સંમતિ લઈ વિનોદે તેને ઘરમાં લાવી રાખી છે જગતવંદને સુરેન્દ્ર પર વેર લેવા એ વિગત પોતાના "પ્રેમબંધન" પત્રમાં જુદા જ સ્વરૂપમાં છાપી મારી છે પોતાના કુટુમ્બની નિન્દા ઘર ઘર થશે એવા ભયથી ક્રોધે ભરાયેલો નિર્મળચંદ્ર પ્રમિલાને ઘર બહાર કાઢી મૂકવા સુરેન્દ્રને ફરમાવે છે. સુરેન્દ્રનું ધર્મ સંકટ પ્રમિલા પોતેજ ચાલી જવા તૈયાર થાય છે. તીક્ષ્ણ

કટાક્ષોથી વિમલચંદ્ર પ્રમિલાનું ભયંકર અપમાન કરે છે. સમાજને પોતાના ચરણમાં નમાવવાનો દૃઢ સંકલ્પ કરી, પ્રમિલા સુરેન્દ્રનું ઘર તજી ચંદાને ત્યાં રહેવા ચાલી જાય છે.

દૃશ્ય ત્રીજું.

સ્થળ—રસ્તો.

પ્રમિલા માટે કંઇ પ્રબંધ કરવા, સુરેન્દ્રને સમજાવા વિઠ્ઠલજીનું જવું માધવ સાથે ઉર્મિલાનું સ્નેહમિલન સંન્યાસી થયેલા બળભદ્રનું આવવું માધવ તથા ઉર્મિલાની વાતચિત દરમ્યાન અચાનક ગુજરી ગયેલા એક સગાનો વારસો પોતાને મળશે એમ સાંભળતાં વિનોદ અને પ્રમિલાપર વેર લેવા નિશ્ચય કરી વારસો મેળવવા બળભદ્ર ભગવાં દૂર કરી ચાલ્યો જાય છે

દૃશ્ય ચોથું.

સ્થળ—પ્રમિલાનું ભવ્ય દિવાનખાનું.

બળભદ્ર વારસો મેળવી વેર લેવા નાદિરને છૂપે નામે પ્રમિલા પાસે આવતો જતો રહે છે. એનીજ સહાયથી એક સ્વતંત્ર મકાન લઇ, ચંદાને હાથે તાલીમ લઇ પ્રમિલાએ ગાનારીનો ધંધો શરૂ કર્યો છે પ્રમિલાને એ ધંધાથી હાથ ઉઠાવવા, સમજાવવા સુરેન્દ્ર આવે છે વિનોદ અને બળભદ્ર પ્રમિલાનું ગાયન સાંભળે છે, એટલામાં વિનોદને, ત્યાં બેઠેલો જોતાં સુરેન્દ્રનો ક્રોધ વિઠ્ઠલજી સાથે તેને ઘેર મોકલી દેવો સુરેન્દ્રની શિખામણ. પત્થર પર પાણી વિમળચંદ્રનું આવવું પ્રમિલા કોઇનું ન સાંભળતાં બન્નેનો તિરસ્કાર કરી ચાલ્યા જવાનું કહે છે

દૃશ્ય પાંચમું.

સ્થળ—માધવનું મકાન

ઉર્મિલાનું વેવિશાળ વિનોદ સાથે થઇ ગયું સાંભળી શોકાતુર થયેલા માધવ પાસે ઉર્મિલાનું આવવું પ્રેમી યુગલનું આક્રંદ. ઉર્મિલાની સૂચનાથી સુરેન્દ્રને સમજાવવા બન્નેનું જવું

દૃશ્ય છઠ્ઠું.

સ્થળ—બગીચો

સુભદ્રાની બંગડીઓ ચોરી વિનોદે પ્રમિલાને મોકલાવી હતી એ બંગડીઓ સુભદ્રાની છે એવી ખાતરી થતાં એ પાછી આપવા પ્રમિલાએ સુભદ્રાને બગીચામાં મળવા આવવા બોલાવી છે. સુભદ્રા પ્રમિલાની વાટ જોતી એક બાંક પર બેઠી છે દરમ્યાન જમના અને નનુ આવવું નણંદ ને ભોજાઈનો પતિ સેવા સંબંધી વાદવિવાદ જમનાએ છેડાઇ નંદન સાથે દૂર જઈ બેસવું બાદ પ્રમિલા સુભદ્રાને એક ચિઠ્ઠી સાથે બંગડીઓ મોકલાવે છે જગતવહનનું ફરતાં ફરતાં આવવું. ફક્કડ ફાંકડાઓની ફજેતી

દૃશ્ય સાતમું.

સ્થળ—સુરેન્દ્રનું દિવાનખાનું

સુભદ્રાએ પ્રમિલાનો વિચાર છોડી ઉર્મિલા સાથે લગ્ન કરવા વિનોદને સમજાવવો વિનોદની અત્રમણુના દરમ્યાન બંગડીઓ ચોરવા માટે સુભદ્રાએ વિનોદને ઠપકો દેવો એટલામાં સુરેન્દ્રે આવી ચોરી અને વ્યભિચાર માટે વિનોદને ધમકાવવો વિમળચંદ્ર આવી વિનોદનો પક્ષ કરી સુરેન્દ્ર પર ક્રોધ કરે છે જુવાનીમાં કોણ જખ નથી મારતું ? એમાં શું ? એમ કહી વિનોદ સાથે ચાલ્યા જવું વિનોદના આચરણ માટે સુરેન્દ્ર તથા સુભદ્રાનો શોક. ઉર્મિલા અને માધવનું આવવું. વાદવિવાદ દરમ્યાન વિમળચંદ્ર આવી બન્નેનું અપમાન કરે છે. સુરેન્દ્ર અને વિમળચંદ્ર વચ્ચે તકરાર. ગુસ્સામાં વિમળચંદ્ર સુરેન્દ્રને ઘર છોડી ચાલ્યા જવાનું કહે છે. ટેબ્લો.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

દૃશ્ય પહેલું.

સ્થળ—પ્રમિલાનું દિવાનખાનું.

ગાયન બાદ મંડળીનું વિખેરાવું ઉર્મિલાને વિનોદ સાથે પરણતી અટકાવવા બળભદ્ર (નાદિર) પ્રમિલાને તથા વિનોદને પુનર્લગ્ન કરવા ઉશ્કેરે છે પ્રમિલાની આનાકાની એટલામાં ઉર્મિલાએ આવી વિનોદ સાથે પોતાના લગ્ન થતા અટકાવવા પ્રમિલાને વિનવવી બહેન ખાતર ભોગ દેવા પ્રમિલાની ખુશી પુનર્લગ્ન કરવા સ્વીકાર જયરામે આવી ઉર્મિલાને બળાત્કારે લઈ જવી ટેબ્લો

દૃશ્ય બીજું

સ્થળ—જગતવંદનનું મકાન

નદન તનમનને પોતાની સાથે લગ્ન કરવા ઉશ્કેરે છે તનમન કબૂલે છે જગતવંદનની નાખુશી, નદનનો, "આર્ટ" બતાવી તનમનને પરણી જવાનો નિશ્ચય જમના પાસે વિમળચંદ્ર વિઠ્ઠલજી તથા મ્યુનિસિપાલ વૉટર ઘેલાભાઈનું આવવું ખરબચડા રસ્તા, ગંદકી અને પાણી ન મળવાની ફરીઆદ કરવી જમનાનો ગભરાટ આખરે વિઠ્ઠલજીની સૂચનાથી પ્રથમ પતિ સેવા અને પછી લોક સેવા કરવાનો મંત્ર સ્વીકારે છે નદનનો "આર્ટ" તનમનને પરણી જવુ

દૃશ્ય ત્રીજું.

સ્થળ—લગ્ન મંડપ.

બળજોરીથી વિનોદ સાથે ઉર્મિલાનું લગ્ન કરી નાખવા વિમળચંદ્ર અને જયરામની ધાંધલ સુરેન્દ્રે આવી લગ્ન પ્રતિ વિરોધ કરવો વિમળચંદ્ર અને સુરેન્દ્ર વચ્ચે તકરાર એટલામાં બહેનને બચાવી લેવા પ્રમિલાનું આવી ચઢવું પ્રમિલાનો તિરસ્કાર બળભદ્ર (નાદિર)ના સૂચવ્યાથી માધવે આવી પ્રમિલા અને વિનોદ વચ્ચે થએલા પુર્નલગ્ન સર્ટીફીકેટ રજુ કરવું વિમળચંદ્ર નાસીપાસ થાય છે પ્રમિલા વિનોદને હાથે માધવ અને ઉર્મિલાનો હસ્તમેળાપ કરાવે છે. વિમળચંદ્ર વિનોદને ગુસ્સામાં લાત મારી કાઢી મુકે છે.

ટેબ્લો.

દ્રશ્ય ચોથું.

સ્થળ—સુરેન્દ્રનું મકાન.

ઉર્મિલા તથા માધવના લગ્ન બાદ, સુરેન્દ્રે એમને પોતાનાજ આશ્રય હેઠળ લાવી રાખ્યા છે તે સમયે વાતચિત એટલામાં વિમળચંદ્ર વિનોદના અત્યચાર માટે બૂમો પાડતો આવે છે સુરેન્દ્ર એનુ સાન્ત્વન કરે છે. બળભદ્ર (નાદિર) ને ત્યાં જઇ વિનોદનો ફેસલો કરવાનો નિશ્ચય બાદ, માધવ અને ઉર્મિલાનો પ્રેમવિનોદ

દ્રશ્ય પાંચમું.

સ્થળ—નાદિરનો ભવ્ય મહેલ

ગાનતાનમાં ગુલતાન બની બેઠેલા વિનોદને વિમળચંદ્રનો ઠપકો ગુસ્સામાં વિનોદ બાપને લાત મારી પછાડે છે સુરેન્દ્રે આવી વિનોદને સમાધાની પર આવવા સુચવવું સુરેન્દ્રનુ અપમાન પોલીસને બોલાવીને વિનોદનો ગભરાટ ચોરેલા મીલકત પાછી સો પચાને તથા પ્રમિલાની સોબત તજી ઘેર પાછા ફરવાને સુરેન્દ્રનો હુકમ વિનોદે વિચાર કરવા વખત માગવો પ્રમિલા સિવાય બધાનું જવુ બળભદ્રનું છુપાવુ આખરે વિનોદ પ્રમિલાને તજી જવા તૈયાર થાય છે. બળભદ્રે આવી તેને રોકવો બળભદ્રની બાજી પ્રમિલા તથા વિનોદનો ગભરાટ બળભદ્રે વિનોદને ઝેર પીવા ઉશ્કેરવો પ્રમિલા શંકાશીલ થતાં, તેમ કરતાં વિનોદને અટકાવે છે બળભદ્રનું મૂળ સ્વરૂપે જાહેર થવું ગભરાટમાં વિનોદ ઝેર પી જાય છે 'પુનર્લગ્ન થતાં સુધી પ્રમિલા પવિત્ર હતી' એવો વિનોદનો ખુલાસો બળભદ્રનો પશ્ચાત્તાપ વિનોદ મરી જાય છે. દુઃખથી ઘેરાયલી પ્રમિલા ગાંડી થઇ જાય છે. દરમ્યાન સુરેન્દ્ર, માધવ અને ઉર્મિલાનું આવવુ બળભદ્ર પોતાની મીલકતની વારસ ઉર્મિલાને ઠરાવી, ટ્રસ્ટી તરીકે સુરેન્દ્ર અને માધવને નીમે છે. બાદ બળભદ્ર આત્માઘાત કરી મરે છે ટેબ્લો.

ઇતિશ્રી:

કૃષ્ણાર્પણમસ્તુ.

શાન્તિ શાન્તિ શાન્તિ

ૐ

શ્રી પરમાત્મને નમ

શ્રી

"એમાં શું?"

નાટકના ગાયનો

૧

મંગળ ચરણ

દયા નીધી મંગળ કર, ઓ કૃપાળ,
ભય હર, સુખ કર, દુ:ખ હર સર્વ કાળ,—દયા.
ધર્મ કર્મ કેરી ક્ષતિ, અતિ,
આર્ય સમાજ તણી અધો ગતિ,
કાપકુમતિ, આપ સુમતિ, એજ સત્ય સંસારે સંપતિ
ભ્રાન્તિ હરી, શાન્તિ ભરી,
સદ્દજ્ઞાને સન્માર્ગે બળ બુદ્ધિ વાળ,—દયા.

૨

ઉર્મિલા—ક્યાં નાસે ઓ મદઘેલી (૨)
પ્રમિલા—તુજ ત્રાસે (૨) માન છકેલી,
ઉર્મિલા—અંગ અંગમાં, અનંગ રંગમાં,
જતી ઉમંગમા, મોહન સંગમા
લૂંટવા રસ હેલી . ક્યા
રક્ત વર્ણું આ બન્યું મુખના મારા પરની દાઝે,
પ્રમિલા—બટક બોલી આ ચટક વાણી તારા મુખમા નાછાજે;
ઉર્મિલા—હલ્યા નેણુ હીલા થઈ લાજે આતુર દર્શન કાજે,
પ્રમિલા—કઇ યુવતીના અંતરમા ના રસીયો કંથ બિરાજે;
ઉર્મિલા— પડ પથે વ્હેલી વ્હેલી—ક્યાં

૩

પ્રમિલા—છે સમજ સમય બલવાન,

ફેરવે ફેશનનું એ સુકાન;—છે

કસ કસતી કંચુકીની તો પ્રમદા એ કરી લુસ બાંય,
પારસી જેવા પોલકા ત્યાં તો આવ્યાં ફેશન માંય;
ટકાઉ રેશમી સાડી સુંદર બોયકોટ થઇ ત્યાંય,
સીફોનને એ સ્થાન મળ્યું, જેથી સર્વાંગ દેખાય,
અખંડ કેશ કલાપ ચિન્હ સૌભાગ્ય વતિનુ ગણાય;
આજે બાલ કપાળ ઉપરના સેલુનમાંહી કપાય,
પવન તેની પૂંઠે નહિ કંઈ હાણ—ફેરવે

૪

તનમન—સુંદર સાહેબારે, મને શાને લીધી તારી બાથમા?
નંદન—રોકયુ હૈયું રહ્યુ નારે હાથમાં;.......... . સુંદર
તનમન—આ શુ સાહેબોની એટીકેટ છે?
તું તો જેન્ટલ મૅન અપ ટુ ડેટ છે;
નંદન—પ્રેમ મંદિરનુ ચુંબન ગેટ છે,
એ તો ગૃહસ્થાઇની સરટીફીકેટ છે,
સદા રહેવું રમણીઓના સાથમા,
તનમન—સોનેરી જાળમા પાડી ભુલ ભુલ?
નંદન—થઈ ખરેખર એકજ ભૂલ—શાને

૫

જગત—રસોડે રાંધવા ચાલો,
નંદન—મને રોઠ બાફવાનું આલો—રસોડે
જગત—હતા લડવઈયા શુરા પુરા, ત્યારે લેતા બરછી ભાલો,
તાકાત ગઈને હાથે કલમ લઈ, પીતા ચાહનો પ્યાલો;
નંદન—કામિની કહે હવે કલમને બદલે,
કડછી હાથમાં ઝાલો—રસોડે

જગત—ચાલો નંદનજી પાણીડે જઇયે, હાંડા ગાગર લઈ હાલો;
ભજીયાને ચટણી માટે મઝાનો લાવજો તાજો મસાલો;
નંદન—શેઠજી તળશે ભજીયા, મેહાનમાં
લાવશે વિઠ્ઠલ લાલો. ....રસોડે.

૬

સૂરેંદ્ર—પતિ પત્નીનું જોડલું, એજ સત્ય સંસાર છે,
બીજ સ્નેહ શાન્તિ તણું, વ્યર્થ અન્ય વ્યવહાર છે,
જગતમાં નથી સૂખ લગ્ન સમાન,
દેવો પણ કરે સન્માન,. . . . .પતિ.
મમતા ખીલે માનવ જીવન ઘડાય,
ધાયે ધાયે ભલે દૂર, દૂર ઘરથીના થાય,
શૃંગાર પ્રેમ કરૂણા નીતિના પાઠ પુરા સમજાય છે
ઝોલાખાતું પાશવજીવન, એ ખીલે સ્થિર થાય છેઃ—
....પતિ.

૭

ચંદા—આજ પિયા રયના રહો, ચયના કરો,
સેજ સુંદર છાઇ,
બસંતકી બહાર, કયસી ચાદની છવાઇ—આજ.
ઇશ્કકી નદીયાં બહાઓ, જીયરાપીયરા ડુલાઓ,
પ્રેમકે ઝુલે ઝુલાવો, સુરતીયા મન ભાઈ,—આજ.
મોરી ગત બુરી ભઇ, તૂમકો બિચાર નાહિ,
સેજરીયા સૂનીપરી, દેતીહુ મયે દોહાઇ;—આજ.

૮

પ્રમિલા—સુખ આશ વાદળી વરસ્યા વિણુ વિખરાઈ,
મૂર્તિ મત વિપદ કાળ વંટોળીયે ઘવાઇ,—સુખ.
ટપકયું બુંદ એક નહિ, મનની મને સમાઇ
મરે ન, મારે તૃષ્ણા તિખી-ઘટમા હાય ભરાઈ;—સુખ

૯

ચંદા—નયના કસુબી કર આયે,
શ્યામ બોલો, કીસ બીધ રયના બિતાઇ,
કોનો સોતનને કીની ઢીટાઈ—નયના.

બાલ બિખરે હય, ભાલ તિલકના, નયનોમે નિંદ ભરી
તુલસીકી માલા ટુટ ગઇ હય, અબ કરોના ચતુરાઈ,
બયરનસે મોરી નેહા લગાઇ,
પ્રીત મોરી છાંડદી;
કુબજા કો તો બચન દીયો થો
અબ કોનસે મન (૩)લલચાઇ .... નયના.

૧૦

ચંદા—કોયલીયા કુક સુનાવે,
ખીલી બસંત બહાર ... કોયલીયાં.
કોન સખી મોહે બસંત સુનાવે, મેંએ તલસુ બારબાર
પાપી પપૈયા પિયુ પિયુ બોલે, પિયા પરદેશી યાર;-કોય.
જીયા પિયા બીન જલે દીન રયના, જોબનવા દીન ચાર,
મયે નવ જોબના જોગન બનુંગી,
પિયા મીલન દુશ્વાર—કોયલીયાં

૧૧

નંદન—અમે તો ઇશ્કના બંદા-મસ્ત થઇ ઇશ્કમાં ફરીયે
બનાવી ઇશ્કના ફંદા-અવરના વાત દિલ ધરીયે;-અમે.
જમાનો ઇશ્કનો આ છે, નમુના ઇશ્કના અહીં છે
ઇશ્કની આગમાં બળતા, અવરના વાત દિલ ધરીયે;-અમે.
મહબના ઇશ્કમાં કઇ છે-ગજબના ઇશ્કમાં કઇ છે
અજબ સહુને સદા કરતા, અવરના વાત દિલ ધરીયે,-અમે.

૧૨

વિનોદ—શાને સલુણી એ મન ભાવે
અજબ ભાવ દર્શાવે—
નયન નીચાં ઢાળી મલપતી આવે
જોબન જોર કરી ભમાવે—શાને,

અંતર વાણી સ્મિત થકી સમજાવે
વચન વદતા કંઇ લળી લળી જાયે-
દીલ કંઇ દબાવે, મન કંઇ બ્હેકાવે
બાવરી એ બાળા મુખે કંઇ કંઇ બકાવે—શાને.

૧૩

માધવ—ઓ લલના શાણી, કહુ ધન્ય તમારી વાણી,
વદતાં પથ્થર પર પાણી—ઓ લલ.

ખડ બચડો પણ થતો સુવાળો, સ્નેહ સાગરે ધોવાતાં
સુંદર મનહર ઘાટ ધરે સંસાર હથોડે ટીપાતા-ઓ લલ.

ઉર્મિલા-પ્રકૃતિ સમ કુશળશિલ્પા વિણુ,ઘાટબને નામનગમતા,
ઘડાયેલો એવો જન પૂજે, દેવો પણ જેને નમતા;

માધવ—પડયા બંધએઘાટ ઘડાતા, પથ્થરતેપથ્થર રહીજાતા;

ઉર્મિલા—સમાજ ચરણે ઓ ચગદાતાં,
દેવો દેશ દુઃખે તજી જાતા— ઓ લલ.

૧૪

ઉર્મિલા—કાહે અબ તુમ આએ હો મોરે દ્વારે
સૌતન સંગ જાગે, રસ પાગે અનુરાગે પાગે—કાહે.
ઝુઠી ઝુટી બતીયાં. કર્યાં ન હર રંગ-અબ,
વહી જાઓ જીન સુવતી સંગ અનુરાગે—કાહે.

૧૫

પ્રમિલા—દિલ હય વહી જીસ દિલમેં મહોબ્બત હો કીસીકી
હય આંખ વહી જીસમેં શરાફત હો કીસીકી
કયુ હાથ શખે વસલ લગાને નહીં દેતે
માશુક હો તુમ યા કે અમાનત હો કીસીકી

(શયર)

શમાકો દેખ કર મય પ્રીતસે યું કહેતા હય પરવાના
જો ચાહો જલના ઇશ્કમે મુજ સાહી જલ જાના
શમાકી બે કરારી કો કહા પહોચેગા પરવાના
લરજના, થર થરાના, સર કટાના, સાફ જલ જાના
હોતા હય ઉન્હે ઇશ્ક તો હો મેરી બલાસે
જલ જાય અગર જલનેકી આદત હો કીસીકી

૧૬

સુરેંદ્ર—મિથ્યા ભ્રમ છોડ (૨) જારે જારીણી
જાતિ ગુણ કર્મો પ્રેરક,
બુદ્ધિ કર્મોનુ સારિણી—મિથ્યા

ખરપર લાધે ભાર (૨) અશ્વપર બેસે અસવાર
પૂજે પીપળ સસાર, ગૃહે બાવળ બહુ માર
જાતિ ગુણથી હા ગુણથી,

ગાય ભેસ દે દૂધ, પૂજે ગોમાત જન બુદ્ધ
સરિતા સર્વે શુદ્ધ છતાં શ્રેષ્ઠ ગંગા રૂઢ
થાનારી કુળ ઉધ્ધારિણી, ના સંહારિણી
જાતિ ગુણથી-હા ગુણથી—મિથ્યા

૧૭

સુભદ્રા—દિલની વાતો ન સમજાય
મુરખ મન કાં તું હરખાય—દિલ.
તન અર્પણ આતુરતાપૂર્વક, જગમા પ્રેમ મનાય,
ચંચળ મનનો ચટકો ક્ષણનો ચલિત બની સરી જાય,
અંતે જગમાં હાસી થાય—દિલ

નરનારી ન દાન પરસ્પર-વચન દઇ બધાય,
વિકાર ઉભરો શાન્ત થતાં ધિકકાર પ્રદર્ષિત થાય;
એ તે પ્રેમ કેમ કહેવાય—દિલ.

૧૮

ઉન્નાદ—ખેલત હોરી રાધે શ્યામ,
શ્રી લક્ષ્મી નારાયણ ઓમ-ત્રિભુવન કે ભૂપ શ્યામ—ખે.
ઇતસે ધાઇ, બ્રિખુભાન દુલારી, ઉતસે ધાયે શ્રીકૃષ્ણ મુરારી
ઉડત ગુલાલ, લાલ ભયે બાદલ અયસી લીલા કરી ઘનશ્યામ
રંગભર મારત હય પીચકારી, ભિજ ગઇ
સારી, રાધે પ્યારી,
ગોપી મગલ ગાવત આનદ બધાઇ
બજે ગોકુલ ગામ—ખેલ.

૧૯

પ્રમિલા—મિલકે જાઇયોરે ગુમાની,
તોરી સાવરી સુરત પે લુભાની—મિલકે.
જો તુમ મેરો નામ ન જાનો, મેરો નામ દીવાની
એક દીન ડેરે આઓ હમારે ખુબ કરેં મીજબાની—મિ
જો તુમ મેરો ગાંવ ન જાનો ગાંવ હય ગોકુલધાની
કુંજ ગલીમેં બાસ હમારો, માનેક ચોક નિશાની—મિ.

૨૦

તનમન—ભૂલી સહુણા હું સાન ભાન ભૂલી
  પ્રેમ મહુલીની ચણુતરમાં ભણુતર ગણુતર ભૂલી—ભૂ
નંદન—પ્રેમ વિષયના પારગતને ભણુવાનુ શુ કામ,
  પ્રેમ મદિરના રહેવાશીને કૉલેજમાં શું કામ,—ભૂલી
તનમન—તુજ હૈયા હિંડોળે હિચાવજે,
  લાડ લાખેણા લાલા લડાવજે,
નંદન—ધીરે ધીરે નયનીયા નચાવજે,
  ખીસા પાકીટ પર હાથ ના ચલાવજે,
તનમન—એવી તો એક આર્ટ [છે] અણમુલી,—ભૂલી

૨૧

તનમન—બનો બાનુઓ બુરખાવાળી,
જગત—રાખો મોઢુ ઘુંઘટમાં ઘાલી—બનો.
તનમન—પફ પાઉડર ને બુટ પેટી કોટથી,
  કરે ઠઠારો બની ડાલી,
  ફેશનને એટીકેટથી થઇ ગઇ ભરેલી થેલી ખાલી,
જગત— હાય મારી ગાડી તો કમણુ ચાલી,—બનો
નંદન
જગત } વરલી એન્ડસ્ટેડને ચોપાટીની થશે સૂની જાહોજલાલી
તનમન—ડાલીવિનાના ખાલી—બાકનેમારશેલા ૧ કોશગોકંટાળી
જગત—હાય શ્રાપ દેશે મુબઇના મવાલી,—બનો.

૨૨

ઉરમિલા—શીખો શીખો, રસીક વર, લેતા શીખોને રસ લ્હાણુ,
  પાઠ પઢાવે પિયુને પ્રમદા, રીતી નથી અજાણુ—શીખો.
  પોથા થોથાના પંડિતજી !, રસ સાગરનુ ક્યો કંઇ જ્ઞાન.
  કેમ રીસાયે, કેમ લોભાયે, કેમ માનુની મૂકે માન,-
  એક ચપળ ઇશારે, રસીયાનો રૂપાયે જાન,
  ભેદાયે અંતર નિશાન,
  રીઝાયે રસીલોના પ્રાણ;
  ભેદુને પડે પિછાણુ એ શું સમજે નાદાન;—શીખો.

૨૩

પ્રમિલા—યહી દિન હય હુઆ લેલા કીસીકે કબ્જે મુઝ તરસે,
જવાની આ નહિં મુક્તિ મેરી બાં ફીર નયે બરસે;
યે કહ દો અબ્રે બારાસે, અગર બરસે તોયું બરસે,
કે જયસે મેહ બરસતા હય, હમારે દીદ એ તરસે.

(શયર)

બિનોદ—કયામત હય કીસીકો પ્યાર કરના ઇસ ઝમાનેમેં;
કઝ કા સામના રખ્ખા હુવા હય, દીલ લગ નેમે;

પ્રમિલા—મીલા હે ગ્ના કીસીકો, બાવફા અચ્છે મુકદ્દરસે,
હુવા હોગા કીસીસે-વસ્લ હમતો ઉમ્રભર તરસે.

ઇતિ શ્રી

સમાપ્ત.

ટેલીફોન નંબર ૧૦૫૪.

રૂસ એન્ડ કંપની.

૩૭૫ હોરનબી રોડ

સ્ટીલ બાર્સ, સળીઆ ગેલવે બેલીંગ હુપ્સ, તીનપ્લેટ્સ, કાંટા તથા સ્ટીલના તારો, લોખંડ તથ એલ્યુમીનમ જરમન સીલવર વગે આપનાર તથા કમીશન એજન્ટસ.

માલેકઃ—રૂસ્તમજી દોશ

આ પુસ્તક "જનએડવોકેટ પ્રેસ"
માં શા ચીમનલાલ ગોકળદાસે
નાટક મંડળીના માલેક માટે છ
ે —એડવર્ડ થીએટર, કાલબાં